દાદા ભગવાન પરિવારનું
જાન્યુઆરી ૨૦૨૩
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

મિત્રો,

પ્લેન મુસાફરીનો એક નાનકડો પ્રસંગ યાદ આવ્યો. રાતની ફ્લાઈટ હતી. થોડો આરામ કરવાની ઈચ્છા હતી. ત્યાં તો પાંચ-છ મહિનાનું બાળક જોર જોરથી રડવા લાગ્યું. મારી જેમ કદાચ બીજા મુસાફરોને પણ આરામ કરવાની ઈચ્છા હશે. એટલે બાળકના રડવાથી તેઓ થોડા અકળાઈ ગયા. તે જ સમયે ત્રણ-ચાર વર્ષના બાળકે એ નાનકડા બાળકની મધર પાસે આવીને કહ્યું, ''આન્ટી, મને જ્યારે રડવું આવે ત્યારે મારા આ ફેવરિટ રમકડાં સાથે રમું તો હું હેપ્પી થઈ જાવ. તમે આ રમકડું તમારા બેબીને આપી દો તો એ પણ હેપ્પી થઈ જશે.''

તે દિવસે ત્રણ-ચાર વર્ષના બાળકે માનવધર્મનું શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું. એ કેવી રીતે ? તે જાણવા માટે આ અંકમાં દર્શાવેલી જુદી જુદી વ્યાખ્યાઓ અને વાર્તાઓ દ્વારા આપણે માનવધર્મ વિશે સમજીએ.

- ડિમ્પલ મહેતા

# શું તમને આવું ગમે ?

## અક્રમ એક્સપ્રેસ


વર્ષ : ૧૫, અંક : ૫
સળંગ અંક : ૧૭૩
જાન્યુઆરી ૨૦૨૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# મીઠી યાદેં



વર્ષો પહેલાની આ વાત છે. તે દિવસોમાં મહાત્માઓની બહુ ભીડ નહોતી. એટલે નીરુમાની નજીક જવાનો ચાન્સ વધુ મળતો. મને મેસેજ મળ્યો કે નીરુમાને એરપોર્ટ પર મૂકવા જવાનું છે. હું તો બહુ જ હરખાઈ ગઈ. મને નીરુમા માટે કંઈક લઈ જવાનું મન થયું. વિચાર્યું કે ઑરેન્જ જ્યુસ લઈ જઉં. જે રીતે હું ઘરે જ્યુસ બનાવું તે જ રીતે મેં જ્યુસ બનાવ્યું.

સંતરાના થોડા ઝીણા ઝીણા બી જ્યુસમાં રહી ગયા. તે વખતે મને ખ્યાલ નહોતો કે નીરુમાની તબિયત માટે ખાંડ હિતકારી નથી. સંતરા ખાટા હતા એટલે મેં જ્યુસમાં થોડી ખાંડ પણ નાખી. કાચની બૉટલમાં જ્યુસ ભરીને હું મારા મધર સાથે એરપોર્ટ પહોંચી.

નીરુમાની સેવામાં જે બહેન હતા તેમને મેં આ જ્યુસની બૉટલ આપી. બહેને બૉટલ હલાવીને જોઈ. એમને ઝીણા બી દેખાયા એટલે જણાવ્યું કે નીરુમાને જ્યુસ નહીં આપી શકાય. આ સાંભળીને હું કંઈ બોલી નહીં પણ મારું દિલ તૂટી ગયું. હું બહુ ભાવથી, બધું જ પડતું મૂકીને નીરુમા માટે બનાવીને લઈ ગઈ હતી.

તે વખતે નીરુમા મારાથી લગભગ ચાર-પાંચ ફૂટ દૂર બેઠેલા અને બીજા બે-ત્રણ મહાત્માઓ સાથે વાતો કરતા હતા. એમને કશો જ ખ્યાલ નહોતો કે હું એમના માટે જ્યુસ બનાવીને લાવી હતી. પાંચ-દસ મિનિટ પછી નીરુમાએ મને પૂછ્યું, "તું કંઈ લાવી છું મારા માટે ?" મેં કહ્યું, "હા નીરુમા, ઑરેન્જ જ્યુસ." તો નીરુમાએ કહ્યું, "તો લાવ ને." આ સાંભળીને હું બહુ જ ખુશ થઈ ગઈ. મેં નીરુમાને ગ્લાસમાં જ્યુસ આપ્યું. નીરુમા બધું જ જ્યુસ પી ગયા અને પૂછ્યું, "હજી બીજું છે ?" હું તો ગદગદ થઈ ગઈ. જેટલું બૉટલમાં જ્યુસ હતું તે બધું જ તેઓ પી ગયા.

નીરુમાએ મારા દિલના ભાવ વાંચી લીધા હતા. એમની તબિયત માટે હિતકારી નહોતું છતાંય મારો ભાવ પૂરો કરવા માટે એમણે બધું જ જ્યુસ પી લીધું. તે દિવસે એમણે મારું હૃદય સંપૂર્ણ રીતે જીતી લીધું !



# જ્ઞાનીઓ કહે છે...







માનવધર્મ એટલે મને જેમાં દુઃખ લાગે, એ દુઃખ હું કોઈને ન આપું. મને એવું દુઃખ કરે તો શું થાય ? માટે એ દુઃખ કોઈને ના આપું.

માનવધર્મ એટલે પોતાને જે ગમે છે એવું જ બીજા જોડે વર્તન કરવું.

માનવધર્મ એટલે આપણે સામાને સુખ આપીએ એટલે આપણને સુખ મળ્યા કરે.

સાચો માનવધર્મ એ જ છે કે કોઈ પણ જીવમાત્રને કિંચિત્માત્ર દુઃખ ના આપવું જોઈએ. ટિટ ફોર ટેટ ના ચાલે માનવધર્મમાં.

પોતાને બીજાની જગ્યાએ રાખવો, એનું નામ માનવધર્મ.








હાય ફ્રેન્ડ્સ, મને ઓળખ્યો ? હું છું થીઓ. યાદ છે, હું તમને ૨૦૨૨માં રજ્જા-મજ્જા અંકમાં મળ્યો હતો ? હવે તો હું તમને મારા ફ્રેન્ડ્સ સાથે અવારનવાર, એટલે કે વારેઘડીએ મળતો રહીશ. કેમ ? કારણ કે, હું મારા ફ્રેન્ડ્સ સાથે ડીડીમા જંગલની બહાર નવી નવી જગ્યાઓએ ટ્રાવેલ કરવાનો છું. આટલું બધું ટ્રાવેલ કેમ ? ફિટ રહેવા માટે ! યાદ છે ને, ફિટ રહો, આનંદમાં રહો ! આનંદમાં તો હું કાયમ રહું જ છું. પણ ફિટ રહેવા માટે અમે ટ્રાવેલિંગ કરીશું. ટ્રાવેલિંગ કરતા કરતા જે ઈન્સ્પાઈરિંગ, એટલે કે પ્રેરક વ્યક્તિઓ વિશે જાણવા મળશે એ તમારી સાથે શેર કરીશું. તો ચાલો, પહેલા અમારું ઈન્ટ્રોડક્શન એટલે કે ઓળખાણ કરાવી દઉં.

હું છું થીઓ. મને ખાવાનો શોખ છે. એટલું જ નહીં, હું અમારા ગ્રૂપનો વિકિપીડિયા (ડિક્શનરી) છું. વર્ડ્સના "ડિનોટેશન" એટલે કે "અર્થ" સમજાવવા મને ખૂબ ગમે છે.



આ છે રીઝો, જેની લાઈફમાં બે જ વસ્તુ
મહત્વ ધરાવે છે.
૧. એના સસ્પેન્ડરવાળા ફૉર્મલ્સ એટલે કે આ પટ્ટાવાળું પેન્ટ
૨. અને એનો ફોન, જેના પર એ રિસર્ચ કરે છે, અને નવી
નવી જગ્યાએ જવા માટેની ટિકિટ અને હૉટેલ બુક કરે છે.
રીઝો અમારો ગ્રૂપ મેનેજર છે.





આ છે ઝોઈ, જેને ટેકનૉલોજી અને મેકેનિક્સમાં
ખૂબ જ ઈન્ટરેસ્ટ છે. કઈ વસ્તુ કેવી રીતે ચાલે છે તે
શોધી કાઢવું એ એનો ફેવરિટ ટાઈમ
પાસ છે. ઝોઈ અમારા ગ્રૂપનું બ્રેઈન
છે.



આ છે જીફી. જેટલો એ હાઈટમાં ઊંચો છે એટલો
જ હાર્ટિલી છે. દરેકની બેગમાં જીફી માટે ટિશ્યુ
બૉક્સ હોય જ ! કારણ કે નાની નાની વાતોમાં
એનું દિલ અને આંખો ભરાઈ આવે છે.
ઘણીવાર તો રીઝોને એના આંસુના કારણે
વરસાદનો અનુભવ થયો છે. જીફી અમારા
ગ્રૂપનું હાર્ટ છે.



**આ મહિને અમે વર્જિનિયા, યુ.એસ.એ.ની સીટી લાઈબ્રેરીમાં આવ્યા છીએ. અહીંયા અમને બાયોગ્રાફિસની એટલે કે જીવનચરિત્રની બુક મળી છે, જેમાં અમને હાવર્ડ કેલીના સ્ટોરી બહુ જ ઈન્સ્પાઈરિંગ લાગી છે. મને લાગે છે, તમને પણ લાગશે.**

# હાવર્ડ કેલી

હાવર્ડ કેલી નામનો એક છોકરો અત્યંત ગરીબ હતો. નિશાળની ફી ભરવાના પૈસા કમાવા માટે ફ્રી સમયમાં એ ફેરિયાનું કામ કરતો. સ્ટૉરની વસ્તુઓ એક ઘરેથી બીજા ઘરે વેચતો અને વેચાણના પૈસામાંથી જે કમિશન મળે તેમાંથી શાળાની ફી ભરતો અને ચોપડીઓ ખરીદતો.

એક દિવસ આમ જ ફેરી કરતા બપોર પડી ગઈ. આકરો તડકો હતો. કેલીના થેલામાં છેલ્લી થોડીક ચીજો જ બચી હતી. પણ એ દિવસે એટલી વસ્તુઓ પણ કોને ખબર કેમ, કોઈ ખરીદતું જ નહોતું. ભૂખ અને તરસથી એ હેરાન થઈ ગયો હતો. એણે એક ઘરનું બારણું ખખડાવ્યું. એક યંગ છોકરીએ બારણું ખોલ્યું.

'મેમ ! મારી પાસે થોડીક ચીજો છે. તમે ખરીદશો ?' એના અવાજમાં થાક હતો.

'હા, હા ! કેમ નહીં ?' જાણે કે કેલીની પરિસ્થિતિનો એક પળમાં જ અંદાજ આવી ગયો હોય તેમ એ છોકરી બોલી. એણે કેલીની બચેલી અમુક વસ્તુઓ ખરીદી.

કેલીને શાંતિ થઈ. જેવું મન શાંત થયું કે તરત જ કેલીના પેટે પોતાની ફરિયાદ શરૂ કરી. પેટમાં ગલૂડિયાં બોલતા હતા. કેલીએ પૂછ્યું, 'મેમ ! એક ગ્લાસ પાણી મળશે ?'

કેલી ફક્ત તરસ્યો જ નહીં, ભૂખ્યો પણ હતો. છોકરીએ પૂછ્યું, 'તને ભૂખ લાગી છે ?'

કેલી કંઈ બોલ્યો નહીં. ભૂખ તો એને કકડીને લાગી હતી. એની નાની નાની આંખોમાં મોટા મોટા આંસુ આવી ગયા. પણ, પછી તરત જ સ્વસ્થ થઈ, એણે કહ્યું, "ના મેમ ! ફક્ત પાણી જ જોઈએ છે, મળશે ?"



છોકરી અંદરથી એક ગ્લાસ દૂધ લઈ આવી. શાંત મને કેલીએ ઠંડા દૂધનો ગ્લાસ પૂરો કર્યો, અને પછી પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને બોલ્યો, 'મેમ ! આ દૂધના ગ્લાસના મારે કેટલા પૈસા આપવાના છે ?'

"એક પણ પૈસો નહીં ! સારા કામના પૈસા થોડી લેવાય ?" છોકરીએ લાગણીપૂર્વક કહ્યું.

અંતરના ઊંડાણથી એ છોકરીનો આભાર માનીને કેલી બહાર નીકળ્યો.

વર્ષો પછી એ છોકરીને કોઈ ભયંકર રોગ લાગુ પડ્યો. સ્થાનિક ડૉક્ટર્સ એના રોગનું નિદાન ન કરી શક્યા. એ છોકરીની તબિયત બગડતી જ ચાલી. આખરે, શહેરના સૌથી મોંઘા ડૉક્ટરને બોલાવ્યા. એમની કુશળતાને કારણે રોગ તરત જ પકડાઈ ગયો. દિવસોથી રિબાઈ રહેલી એ છોકરી ઝડપભેર સાજી થઈ ગઈ. પરંતુ એના ચહેરા પર સાજા થવાની ખુશીના બદલે હોસ્પિટલના બિલની ચિંતા હતી. એને થયું કે એની બાકીની જિંદગી આ બિલનું કરજ ચૂકવવામાં જ વીતી જશે. કેમ કરીને એ આવી મોટી હોસ્પિટલનું આવડું મોટું બિલ ચૂકવશે ?



આખરે, એને હોસ્પિટલમાંથી રજા મળવાનો દિવસ આવ્યો. પટાવાળો બિલનું કવર લઈને આવ્યો. ધ્રૂજતા હાથે એણે કવર ખોલ્યું. બિલ પર મોટા લાલ અક્ષરે લખેલું હતું કે, "સંપૂર્ણ રીતે ચૂકવાઈ ગયું છે ! વર્ષો પહેલા પીધેલા એક ગ્લાસ દૂધે બધું જ ચૂકવી દીધું છે."

અને નીચે સહી હતી, ડૉ. હાવર્ડ કેલી ! હોસ્પિટલ સૂપરિનટેન્ડન્ટ (અધિક્ષક) !

કેલીની સહીના શબ્દો પેલી છોકરીના આંસુથી ભીંજાઈ ગયા !



**આ સ્ટોરી વાંચીને જીફીએ એક નહી પણ બે ટિશ્યુ બૉક્સ ખાલી કરી નાખ્યા છે. બસ, હવે અમે જીફી માટે નવો ટિશ્યુ બૉક્સનો સ્ટૉક અને નેકસ્ટ હાઈકિંગ ટ્રિપ માટેના ગિઅર્સ એટલે કે સાધનો લેવા શૉપિંગમાં જઈએ છીએ. હું થોડો લેઈટ છું. અમારો મેનેજર રીઝો અકળાય એ પહેલા બાય, ફરી મળીશું !**

# આવું ક્યારેય વિચાર્યું ?

"અંશ દીકરા, મારા ચશ્મા ક્યાં ગયા ? તારા ઘરડા દાદાને ચશ્મા વગર કંઈ દેખાતું નથી !"

મમ્મીએ અંશને પકડ્યો, "તેં ફરી દાદાજીના ચશ્મા છુપાવી દીધા ? આ તને શોભે છે ? લાવ ચશ્મા પાછા !"

"મમ્મી, ગુસ્સે કેમ થાય છે ? હું તો થોડી ગમ્મત કરતો હતો."


"આવી ગમ્મત હોય ? કોઈ તારી સાથે આવી ગમ્મત કરે તો તને ગમે ?"

અંશ પાસે આ વાતનો કોઈ જવાબ નહોતો એટલે દાદાજીના હાથમાં ચશ્મા મૂકીને એ રૂમમાં ભાગી ગયો.

મજા કરવાનો બીજો પ્લાન એણે રેડી રાખ્યો હતો. એ રૂમમાં જઈને ચૂપચાપ બેસી ગયો. ત્યાં તો બાથરૂમમાંથી દીદીનો અવાજ આવ્યો, "મમ્મી... બૉડી વૉશની બૉટલમાં કંઈ ગડબડ છે, એ તો નીકળી જ નથી રહ્યું." મમ્મીએ આવીને બૉડી વૉશની બૉટલ સ્મેલ કરી.

"અચ્છા, હવે ખબર પડી કે શરબતની બૉટલ કેવી રીતે ખાલી થઈ ગઈ ?! હવે તો અંશ મારા હાથનો માર ખાવાનો છે..."

પણ અંશ તો ક્યાં કોઈના હાથમાં આવવાનો હતો ?! રવિવારે જ્યારે આખું ફેમિલી પિકનિક પર ગયું



ત્યારે પિકનિક સ્પોટ પરથી કેવી રીતે બધાને હાથતાળી આપીને એ ગાયબ થઈ ગયો, એની કોઈને ખબર જ ના પડી.

બન્યું એવું કે, એક તોફાની વાંદરો મમ્મીના હાથમાંથી આઈસ્ક્રીમ છીનવીને ઝાડ પર ચઢી ગયો. આ જોઈને અંશને મજા પડી, "વાહ શું ડાઈવ મારી !"

મમ્મીને વાંદરા કરતા વધારે ગુસ્સો અંશ પર આવ્યો, "એ તો જાનવર છે, આપણે માણસ છીએ. કોઈને હેરાન કરીને મજા કેવી રીતે આવે ? તને કોઈ હેરાન કરે, તો શું તને મજા આવે ?"

"હું જેવું બીજા સાથે કરું છું એવું કોઈ મારી સાથે કરે તો શું થાય ?!" એવો વિચાર અંશે ક્યારેય કર્યો જ નહોતો. અત્યારે તો એના તોફાની મગજમાં એ વિચાર ચાલવા લાગ્યો હતો કે વાંદરો આઈસ્ક્રીમનું કરશે શું ? અને એટલે જ કોઈને ખબર ના પડે એ રીતે છટકીને એ વાંદરાની પાછળ નીકળી પડ્યો.

વાંદરો એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદયો અને પછી અચાનક ક્યાંક ગાયબ થઈ ગયો. અંશ વાંદરાને શોધે એ પહેલા તો વાંદરાએ આવીને અંશના ચશ્મા ખેંચી લીધા.


"એય, શું કરે છે ? મારા ચશ્મા પાછા આપ ! મને ચશ્મા વગર બધું ઝાંખું દેખાય છે !" અંશે બૂમ પાડી.

પણ, વાંદરો કંઈ અંશની ભાષા સમજે ? અંશ પણ ક્યાં દાદાજીની વાત સમજતો હતો ? આજે પહેલી વાર એને દાદાજીનું દુઃખ સમજાયું, અને પોતાના કરેલા તોફાન પર શરમ આવી.

એ પોતાની ફેમિલીને શોધવા લાગ્યો. પણ જંગલની ભુલભુલામણીમાં એ ફસાઈ ગયો હતો. આસપાસ કોઈ દેખાયું નહીં. હવે, એને બરાબર ડર લાગ્યો. અચાનક એક નાના બાળકનો રડવાનો અવાજ આવ્યો.

અવાજની દિશામાં નજર કરી તો એની જ ઉંમરનો એક છોકરો ફસાઈ ગયો હતો. એ બહાર નીકળવાની કોશિશ કરી રહ્યો હતો.

પોતાને છોડાવવા માટે છોકરાએ ઈશારો કર્યો પણ અંશ તો એ છોકરાના વિચિત્ર કપડાંને



જોઈ રહ્યો. ત્યાં તો કોઈએ આવીને અંશની બાંય પકડી અને પેલા છોકરાને છૂટો કરી દીધો.

અંશે જોયું તો એની પાછળ એક જંગલી માણસોનું ટોળું હતું, "અરે, પણ મેં એને નહોતો ફસાવ્યો. હું તો પોતે જ અહીં ફસાઈ ગયો છું. તમે બધા કોણ છો અને મને ક્યાં લઈ જાઓ છો ? પ્લીઝ મને છોડી દો." અંશે વિનંતી કરી. પણ કોઈએ એની વાત સાંભળી નહીં.

"હુકાકા હુકા હુકા હુકા..." એક સૂરમાં બધા બોલવા લાગ્યા અને અંશને એક ઝાડ સાથે બાંધી દીધો. અંશ ગભરાઈ ગયો. કોઈકે આવીને અંશના મોઢા પર એક લેપ લગાવ્યો અને પછી બધા અંશની આજુબાજુ નાચવા લાગ્યા.

"આ શું ચોપડી દીધું મારા મોઢા પર ?! હવે આ નીકળશે કે નહીં ? મારી હાલત આટલી ખરાબ છે અને આ લોકો મને જોઈને એન્જૉય કરી રહ્યા છે ?!"

આ વિચાર આવતાની સાથે જ અંશને યાદ આવ્યું કે, એણે પણ એકવાર દીદીના બૉડી વૉશમાં સિરપ મિક્સ કરી દીધું હતું અને દીદીની હાલત જોઈને ખૂબ ખુશ થયો હતો. જ્યારે દીદી જેવું દુઃખ પોતે અનુભવ્યું ત્યારે એને ખૂબ પસ્તાવો થયો.

અંશ વિચારોમાં ખોવાયેલો હતો ત્યાં તો બધા માણસો અંશને એકલો મૂકીને ક્યાંક ચાલ્યા ગયા. અંશે છૂટવાના ખૂબ પ્રયત્નો કર્યા પણ એનું જોર કામ ના લાગ્યું. ત્યાં તો પેલો નાનકડો છોકરો હાથમાં ચપ્પુ લઈને અંશ પાસે આવ્યો. આસપાસ કોઈ જ નહોતું. અંશ ગભરાઈ ગયો.

છોકરાએ ફટાફટ રસ્સી કાપી અને અંશનો હાથ પકડીને કહ્યું, "ચલ, ભાગ ! હું તને છૂટવાનો રસ્તો દેખાડું."

થોડું ભાગ્યા પછી અંશ હાંફી ગયો, "એક મિનિટ, એક મિનિટ... ઊભો રહે... હવે આગળ નહીં ભગાય..."


બન્ને થોડીવાર થોભી ગયા. અંશ થોડો સ્વસ્થ થયો. ધીમે રહીને એણે પેલા છોકરાને પૂછ્યું, "મેં તો તને છૂટવામાં મદદ નહોતી કરી. તું મારી મદદ કેમ કરે છે ?"

"કારણ કે મને ખબર છે કે ફસાઈ જવાનું દુઃખ શું હોય..." છોકરાએ જવાબ આપ્યો.

અંશના અચંબાનો પાર ના રહ્યો. આજ સુધી તે પોતે પ્રાણીની જેમ બીજાના દુઃખમાં મજા લેતો રહ્યો અને આજે પ્રાણીઓની વચ્ચે રહેનાર છોકરાએ એને ખરી માનવતા શીખવાડી દીધી.

દૂરથી અંશે એના મમ્મી-ડેડીને આવતા જોયા. દિલથી છોકરાને ધન્યવાદ આપીને અંશ હવે ખરેખર સાચા રસ્તે વળ્યો.

# આનું નામ માનવતા !



કોઈએ દસ હજાર રૂપિયા આપણને આપ્યા હોય અને પાછા ના આપીએ, તે ઘડીએ આપણા મનમાં વિચાર થાય કે, 'મેં કોઈને આપ્યા હોય ને એ ના આપે તો મને કેટલું દુઃખ થાય ?! માટે એને વહેલી તકે આપી દેવા.'





કોઈકનું પડી ગયેલું જડે ને, તો તરત યાદ આવે કે ભઈ, મારું પડી ગયું હોય તો શું થાય ? એટલે બીજાને કેટલું દુઃખ થતું હશે. એટલે તપાસ-બપાસ કરી અને એ વ્યક્તિને એની વસ્તુ પાછી પહોંચાડી દે.





હું કોઈકને ગાળ આપું તે પહેલા મારા મનમાં એમ થાય કે, 'મને જ્યારે કોઈ ગાળ આપે છે ત્યારે આટલું દુઃખ થાય છે તો પછી હું કોઈને આપીશ તો એને કેટલું દુઃખ થશે !' એમ માનીને તે ગાળ આપવાની માંડી વાળે.






આપણું કોઈ ચોરી જાય તો આપણને દુઃખ થાય છે, તો કોઈનું ચોરી કરતી વખતે આપણને વિચાર આવવો જોઈએ કે ના, કોઈકને દુઃખ થાય એવું કેમ થાય ! પછી કોઈક આપણી સાથે જૂઠું બોલતો હોય તો આપણને દુઃખ થાય છે, તો આપણે પણ એની સાથે જૂઠું ના બોલવું જોઈએ.





તમારે ઘેર હું આવું તો તમે, 'આવો, બેસો' એવું બોલો, તો મને ગમતું હોય તો મારે ઘરે કોઈ આવે તો મારે એને 'આવો, બેસો' એમ બોલવું જોઈએ, એનું નામ માનવતા.




ન્યૂ યર પાર્ટી
ઓહ, શું થયું તને ?
મને કાચ વાગ્યો...
પણ ટેફીએ જોલીને નહીં, બાલુને પૂછ્યું હતું.
મારા ઘા તો કોઈને દેખાતા જ નથી. અંદરના પણ ક્યાં દેખાય છે !
જોલીને બધા ઈગ્નોર કરી દેતા. રિસેસમાં ગેમ્સ રમવાની હોય તો જોલીને પોતાની ટીમમાં કોઈ ના રાખતું.
જ્યારે બાલુ, બેરનો બર્થડે હતો ત્યારે જોલીને ઈન્વાઈટ નહોતો કર્યો. એ બર્થડે પાર્ટીની વાતો જોલી ચૂપચાપ બેસીને સાંભળી રહ્યો હતો.
બાલુના ઘરે કેટલો મસ્ત પૂલ હતો.
અરે, મને તો ત્યાં હીંચકા ખાવાની મજા પડી ગઈ.


ત્યાં તો સુમી આવી,
નોટિસ બૉર્ડ વાંચ્યું ? બાલુએ બીચ પર ન્યૂ યર પાર્ટી રાખી છે. બધા જ ઈન્વાઈટેડ છે !
જોલીના કાન ઊંચા થઈ ગયા.
બધા જ ?!! હું પણ !!
અને સાંભળ્યું છે કે રેન્બો જંગલમાંથી બાલુનો ફ્રેન્ડ ગોલ્ડી પણ આ પાર્ટીમાં આવવાનો છે !
વાઉ !! ગોલ્ડી પણ ? સો કૂલ...!
જ્યારે બધા પાર્ટી એન્જૉય કરી રહ્યા હતા ત્યારે જોલી નીચે વળીને બીચ પરથી કંઈક ઉઠાવી રહ્યો હતો.
કોઈનું ધ્યાન જોલી પર નહોતું, સિવાય કે એકનું.
આ શું કરે છે ?
જો ને, બીચ પર કેટલા બધા કાચના ટુકડા છે. એ જ ઉઠાવું છું. કોઈને વાગી જાય તો ?
એક દિવસ તો મને જ કાચ વાગી ગયો હતો. બહુ દુખ્યું હતું અને લોહી પણ નીકળ્યું હતું.


ચલ, હું પણ હેલ્પ કરું. હું ગોલ્ડી, બાલુનો ફ્રેન્ડ. તું મારો ફ્રેન્ડ બનીશ ?
'મારો ફ્રેન્ડ બનીશ ?' આ શબ્દો તો જોલીએ ફક્ત પોતાના સપનામાં જ સાંભળ્યા હતા.
હા શ્યોર. મારું નામ જોલી છે.
ત્યાં તો બાલુ, આખી ટોળીને લઈને ત્યાં આવ્યો.
અરે ગોલ્ડી, આ શું કરે છે ? ચલ, હું તને મારા ફ્રેન્ડ્સને મળાવું.


પહેલા તું મારા ફ્રેન્ડ જોલીને મળ. આવા ફ્રેન્ડ્સ રોજ રોજ ના મળે.
ખબર છે, એક દિવસ જોલીને કાચ વાગી ગયો હતો. જેવું એને દુખ્યું એવું તમને બધાને ના થાય એટલે એ ચૂપચાપ કાચ ઉઠાવી રહ્યો છે.
સોરી જોલી, તેં અમારી આટલી બધી કેર કરી અને અમે તો તને હંમેશાં ઈગ્નોર કર્યો.
ઈટસ ઓ.કે. !
જોલી, હીંચકા પર બહુ મજા આવે છે ! તું પણ મારી સાથે એ મજા શેર કરીશ ?!


AALOO CHILLY
ચીલી આઈસ્કીમ... વી લવ ચી...લી... આઈસ્કીમ...
કોને પૂછીને તેં મારું માઈક લીધું ?
સોરી, કોકો !
કેટલો મસ્ત આઈસ્ક્રીમ છે !
કોકો !! આ તો ચીલીનો આઈસ્ક્રીમ છે.
સોરી, મને જોઈને ખાવાનું મન થઈ ગયું.
અરે ! નો સોરી ! હું બીજો લઈ આવીશ.




# ચાલો રમીએ...

સાચો પડછાયો શોધો.



Akram Express

January 2023
Year : 15, Issue :5
Conti. Issue No.: 173

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

## ટ્રીપ પર ગેમ રમવાની હોય કે ગેમમાં ટ્રીપ પર જવાનું હોય, મજા તો બંનેમાં જ આવે ! GNC લઈ જઈ રહ્યું છે આપણને એક મસ્ત મજાની ગેમ જર્ની પર...

# Happie Journey




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.